# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી વ્યારા,જિ.તાપી

જિલ્લા સેવા સદન,બ્લોક નંબર.૬,પહેલો માળ,પાનવાડી,તા.વ્યારા,જિ.તાપી

ઇ-મેઇલ- tapideo@gmail.com ફોન નંબર:-૦૨૬૨૬-૨૨૧૬૨૪


ક્રમાંક:-મકમ/જ્ઞાન સહાયક/રજૂઆત/૨૦૨૩/17049 21 7051 તારીખ:-30/૦૯/૨૦૨૩

પ્રતિ,

માન.નિયામકશ્રી,

કમિશનર શાળાઓની કચેરી,

બ્લોક નંબર : ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર

વિષય:-TET/TAT પાસ ઉમેદવારોની જ્ઞાન સહાયક કરાર આધારિત શિક્ષકોની જગ્યાએ કાયમી શિક્ષકોની ભરતી કરવા બાબત.

સંદર્ભ:- (૧) કલેકટર કચેરી,તાપીના પત્રક્રમાંક:પીઆરઓ/પેપર કટીંગ/વશી/૧૦૮૮૦ ૧૦૮૮૧/૨૦૨૩. તારીખ:-૧૫/૦૭/૨૦૨૩

(૨) કલેકટર કચેરી,તાપીના પત્રક્રમાંક:એમએજી/ટેટ-ટાટ/આવેદનપત્ર/વશી/ ૯૯૬૭-૬૯/૨૦૨૩. તારીખ:-૦૮/૦૯/૨૦૨૩

મહાશય,

સવિનય સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, તાપી જિલ્લાના TET/TAT પાસ ઉમેદવારો દ્વારા માન.મુખ્યમંત્રીશ્રી, માન.કલેકટરશ્રી,માન.મામલતદારશ્રી તથા જિલ્લા શિક્ષણાધિકારીને સંબોધીને કરેલ સંયુક્ત રજૂઆત તેમજ ગુજરાત મિત્ર, સંદેશ, ગુજરાત સમાચારપત્ર અને દિવ્ય ભાસ્કર દૈનિક સમાચારપત્રમાં જ્ઞાન સહાયક યોજના રદ કરી કાયમી શિક્ષકોની ભરતી કરવા TET/TAT પાસ ઉમેદવારોની માંગ શીર્ષક હેઠળ છપાયેલ સમાચારપત્રોની નકલ માન.કલેકટરશ્રીનાં સંદર્ભિત - ૧ અને ૨ નાં પત્રોથી અત્રેની કચેરીને મળેલ છે.જેમાં અરજદારો દ્વારા તાજેતરમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ/૧૦૧૪/૧૪૦/ગ.(પા.ફા.). તા.૧૦/૦૭/૨૦૨૩ અન્વયે રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ અને મિશન સ્કુલ ઓફ એક્સેલન્સનાં લક્ષ્યો મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણનાં હેતુ માટે ગુજરાત રાજ્યની સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયક યોજના બાબતે ઠરાવ બહાર પાડી જ્ઞાન સહાયકોની ભરતી કરવાની કાર્યવાહી હાલ ચાલુમાં છે.જે યોજનાને રદ કરવા અને કાયમી શિક્ષકોની ભરતી કરવા રજૂઆત કરેલ છે. તે રજૂઆતો આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.જે અંગે ઘટતું કરવા વિનંતી છે.

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

જિલ્લા શિક્ષણાધિકારી
તાપી

નકલ રવાના જાણ સારું : -

- માન.નાયબ કલેકટરશ્રી-૧, કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ કાર્યાલય,વ્યારા,જિ.તાપી
- માન.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ કાર્યાલય,વ્યારા,જિ.તાપી